# રામમંદિર ટાણે આપણે ભવ્ય અને દિવ્ય ભારતનાં નિર્માણના સોગંદ લઈએ છીએ: મોદી

**સદીઓની** ધીરજ, બલિદાનો, ત્યાગ અને તપસ્યા પછી આપણા શ્રી રામ અહીં આવ્યા છે: મોદી

**અયોધ્યામાં** પ્રાણ પ્રતિષ્ઠા પછી ઉપસ્થિતોને સંબોધન કરતા વડાપ્રધાને કહ્યું કે આ ભવ્ય રામમંદિર ભારતની પ્રગતિ અને ઉત્થાનનું સાક્ષી બનશે

**આ** મંદિરનું નિર્માણ શક્ય બનાવવા માટે બલિદાનો આપનાર લોકોને મોદીએ યાદ કર્યા, ન્યાયની ગરિમા જાળવીને મંદિરની તરફેણમાં ચુકાદો આપવા બદલ ન્યાયતંત્રનો પણ આભાર માન્યો

અયોધ્યા, તા. ૨૨: વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે ઉત્તરપ્રદેશનાં અયોધ્યામાં નવનિર્મિત રામ જન્મભૂમિ મંદિરમાં રામલલ્લાનાં પ્રાણ પ્રતિષ્ઠા સમારંભમાં ભાગ લીધો હતો. આ પ્રસંગે ઉપસ્થિત જનમેદનીને સંબોધતા વડાપ્રધાને કહ્યું હતું કે, સદીઓ પછી આખરે આપણા રામનું આગમન થયું છે. "સદીઓની ધીરજ, અગણિત બલિદાન, ત્યાગ અને તપસ્યા પછી, આપણા ભગવાન રામ અહીં છે"

વડાપ્રધાને જણાવ્યું હતું કે, 'ગર્ભ ગૃહની અંદર દૈવી ચેતનાનો અનુભવ કરવો એ શબ્દોમાં વર્ણવી ન શકાય. "અમારા રામ લલ્લા હવે તંબુમાં નહીં રહે. આ દિવ્ય મંદિર હવે તેમનું ઘર બની જશે." વડાપ્રધાને વિશ્વાસ અને શ્રદ્ધા વ્યક્ત કરતાં કહ્યું હતું કે, આજની ઘટનાઓનો અનુભવ રામભક્તો સમગ્ર દેશ અને દુનિયામાં કરી શકે છે. મોદીએ જણાવ્યું હતું કે, "આ ક્ષણ અલૌકિક અને પવિત્ર છે, વાતાવરણ, પર્યાવરણ અને ઊર્જા આપણા પર ભગવાન રામના આશીર્વાદને સૂચવે છે." તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, 22મી જાન્યુઆરીની સવારનો સૂર્ય તેની સાથે નવી આભા લઈને આવ્યો છે. વડાપ્રધાને કહ્યું હતું કે, "22 જાન્યુઆરી, 2024 એ કેલેન્ડરની માત્ર તારીખ નથી, પરંતુ તે નવા 'કાલ ચક્ર'ની ઉત્પત્તિ છે." વડાપ્રધાને ભારપૂર્વક જણાવ્યું હતું કે, રામ જન્મભૂમિ મંદિરનાં 'ભૂમિ પૂજન' પછી અને વિકાસલક્ષી કાર્યોની પ્રગતિએ નાગરિકોમાં નવી ઊર્જાનો સંચાર કર્યો ત્યારથી સમગ્ર દેશનાં આનંદ અને ઉત્સવનાં મૂડમાં સતત વધારો થઈ રહ્યો છે. વડાપ્રધાને કહ્યું હતું કે, "આજે આપણને સદીઓની ધીરજનો વારસો મળ્યો છે, આજે આપણને રામનું મંદિર મળ્યું છે." તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, જે રાષ્ટ્ર ગુલામીની માનસિકતાની બેડીઓ તોડી નાખે છે અને ભૂતકાળના અનુભવોમાંથી પ્રેરણા મેળવે છે, તે જ દેશ ઇતિહાસ લખે છે.

રામના દરેક કાર્યમાં હનુમાનની હાજરી વિશે બોલતા વડાપ્રધાને હનુમાન અને હનુમાન ગઢીને નમન કર્યાં હતા. તેમણે લક્ષ્મણ, ભરત, શત્રુઘ્ન અને માતા જાનકીને પણ વંદન કર્યાં હતા. વડાપ્રધાને ન્યાયની ગરિમાને અકબંધ રાખવા બદલ ભારતની ન્યાયપાલિકાનો આભાર માન્યો હતો.

હાલમાં ચાલી રહેલી અમૃત કાલ અને યુવા જનસંખ્યાનો ઉલ્લેખ કરીને વડાપ્રધાને દેશની વૃદ્ધિ માટેનાં પરિબળોનાં સંપૂર્ણ સમન્વયની નોંધ લીધી હતી. વડાપ્રધાને યુવા પેઢીને તેમના મજબૂત વારસાનો ટેકો લેવા અને આત્મવિશ્વાસ સાથે આગળ વધવા જણાવ્યું હતું. વડાપ્રધાને ભારપૂર્વક જણાવ્યું હતું કે ભવ્ય રામ મંદિર ભારતની પ્રગતિ અને ઉત્થાનનું સાક્ષી બનશે. વડાપ્રધાને કહ્યું હતું કે, "આ ભવ્ય રામ મંદિર વિકસિત ભારતના ઉદયનું સાક્ષી બનશે." મંદિરમાંથી બોધપાઠ લઈને વડાપ્રધાને ભારપૂર્વક જણાવ્યું હતું કે, જો લક્ષ્યાંક વાજબી હોય અને સામૂહિક અને સંગઠિત શક્તિમાંથી જન્મે તો તેને હાંસલ કરી શકાય છે. "આ ભારતનો સમય છે અને ભારત આગળ વધવા જઈ રહ્યું છે. સદીઓ સુધી રાહ જોયા પછી આપણે અહીં પહોંચ્યા છીએ. આપણે બધાએ આ યુગની, આ સમયગાળાની રાહ જોઈ છે.

## આજની તારીખની ચર્ચા આજથી હજાર વર્ષ પછી પણ થશે !: મોદી

મોદીએ કહ્યું કે આજની તારીખની ચર્ચા આજથી હજાર વર્ષ પછી પણ કરવામાં આવશે અને ભગવાન રામના આશીર્વાદથી જ આપણે આ મહત્વપૂર્ણ પ્રસંગના સાક્ષી છીએ. વડાપ્રધાને કહ્યું હતું કે, "આજે દિવસો, દિશાઓ, આકાશ અને બધું જ દિવ્યતાથી ભરપૂર છે." વડાપ્રધાને કહ્યું હતું કે, આ કોઈ સામાન્ય સમયગાળો નથી, પણ સમયસર અંકિત થઈ ચૂકેલો અમિટ સ્મૃતિ માર્ગ છે.

## મંદિર નિર્માણમાં મોડુ થવા બદલ મોદીએ રામની માફી માગી


વડાપ્રધાને આજનો દિવસ જોવામાં વિલંબ બદલ પ્રભુ રામની માફી માગી હતી અને કહ્યું હતું કે, આજે એ શૂન્યાવકાશ પૂરાઈ ગયો છે, ત્યારે ચોક્કસપણે રામ આપણને માફ કરી દેશે.



મોદીએ રામલલાને દંડવત્ પ્રણામ કર્યા



11 દિવસના અનુષ્ઠાન બાદ મોદીને પારણાં કરાવાયા



## રામ રાજ્ય આવી રહ્યું છે, વિવાદો છોડીને બધાએ એક થઈને રહેવું જોઈએ: ભાગવત

**રામ લલા** ઘણા લોકોની તપસ્યાને કારણે 500 વર્ષ પછી ઘરે પરત ફર્યા છે

**દયા** અને કરૂણા ધર્મની પ્રથા છે, તમે જે કમાઓ તેમાંથી ધર્માદા પણ કરો

અયોધ્યા, તા. 22 (પીટીઆઈ): આરએસએસના વડા મોહન ભાગવતે સોમવારે કહ્યું કે રામ રાજ્ય આવી રહ્યું છે અને દેશમાં દરેકે વિવાદો છોડીને એક થવું જોઈએ. રામ લલાની નવી મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠા સોમવારે અયોધ્યા મંદિરમાં કરવામાં આવી હતી, તે અવસર પર સભાને સંબોધતા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના (આરએસએસએસ) વડાએ કહ્યું, 'વડા પ્રધાને એકલાએ તપસ્યા કરી હતી, અને હવે, આપણે બધાએ તે કરવાનું છે.'

અયોધ્યામાં રામ લલાના અભિષેક સાથે, ભારતનું આત્મગૌરવ પાછું આવ્યું છે, અને આજનો કાર્યક્રમ એક નવા ભારતનું પ્રતીક બની ગયો છે જે સમગ્ર વિશ્વને મદદ કરશે.

## મોદીનું ભાષણ: 35 મિનિટમાં 114 વાર રામનું નામ લીધું

અયોધ્યા: તા. 22: વડા પ્રધાનના મંચની સામે ગુલાબનાં ફૂલોનું વાવેતર કરવામાં આવ્યું હતું. આ ફૂલો પર રામ લખેલું હતું.
સોમવારે અયોધ્યામાં શ્રી રામ લલ્લાની પ્રાણ પ્રતિષ્ઠા વિધિ કરવામાં આવી હતી. વડા પ્રધાન નરેન્દ્ર મોદી મુખ્ય યજમાન બન્યા હતા. પીએમ બપોરે 12 વાગ્યે હળવા પીળા રંગની ધોતી અને કુર્તા પહેરીને મંદિરે આવ્યા હતા. વડા પ્રધાનના હાથમાં એક થાળી હતી, જેમાં શ્રી રામ માટે ચાંદીનું છત્ર હતું. 12.05 વાગ્યે ગર્ભગૃહમાં શ્રી રામ લલ્લાની પ્રાણ પ્રતિષ્ઠા વિધિ શરૂ થઈ, જે લગભગ એક કલાક સુધી ચાલુ રહી. જેમાં વડા પ્રધાન સામેલ હતા. તેમણે ભગવાનની આરતી કરી અને જળ છાંટ્યું, પછી રામના ચરણોમાં કમળ મૂક્યું અને પ્રદક્ષિણા કરી અને દંડવત પ્રણામ કર્યા.
આ પહેલા મોદીએ મુખ્ય પૂજારી સત્યેન્દ્ર દાસના હાથથી નાડાછડી બંધાવી અને તેમના ચરણ સ્પર્શ કર્યા. સંતોએ તેમને ભેટ તરીકે સોનાની વીંટી પણ આપી હતી.

## રામ મંદિર ઉદ્ઘાટનથી પાકિસ્તાનને મરચાં લાગ્યા, કહ્યું આ ભારતમાં વધતા બહુમતીવાદનું સૂચક

ઈસ્લામાબાદ, તા. 22 (પીટીઆઈ): પાકિસ્તાને સોમવારે કહ્યું હતું કે અયોધ્યામાં રામ મંદિરનું ઉદ્ઘાટન ભારતમાં વધી રહેલા બહુમતીવાદનો સંકેત છે. સોમવારે અયોધ્યામાં નવી રામ લલ્લાની મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠા સમારંભ બાદ પાકિસ્તાનના વિદેશ કાર્યાલય (એફઓ) દ્વારા આ ટિપ્પણી કરવામાં આવી હતી. 'છેલ્લા 31 વર્ષોનું ઘટનાક્રમ, જેના પગલે આજનો અભિષેક સમારોહ થયો છે, તે ભારતમાં વધતા બહુમતીવાદનું સૂચક છે. આ ભારતીય મુસ્લિમોને સામાજિક, આર્થિક અને રાજકીય હાંસિયામાં ધકેલવા માટે ચાલી રહેલા પ્રયાસોનું એક મહત્વપૂર્ણ પાસું છે', એમ એફઓએ એક નિવેદનમાં કહ્યું હતું.
ભારતમાં હિન્દુત્વ વિચારધારાની વધતી લહેર ધાર્મિક સદ્ભાવ અને ધાર્મિક શાંતિ સામે જોખમ ઉભું કરે છે, એમ એફઓએ કહ્યું હતું. પાકિસ્તાને આ સાથે જ ભારત સરકારને મુસ્લિમો અને તેમના ધાર્મિક સ્થળો સહિત લઘુમતીઓની સુરક્ષાની ખાતરી કરવા કહ્યું હતું.

## ઇસરોએ રામમંદિરની સેટેલાઇટ તસવીર જારી કરી

નવી દિલ્હી: તા. 22 : અયોધ્યા રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા: ભારતીય અવકાશ સંશોધન સંસ્થાએ અયોધ્યામાં ભગવાન રામના જન્મસ્થળ પરના ભવ્ય રામ મંદિરની તસવીરો બહાર પાડી છે, જે અવકાશમાંથી દેખાય છે. આ તસવીરો ભારત નિર્મિત સેટેલાઇટનો ઉપયોગ કરીને લેવામાં આવી હતી, જે ભારતની વિકસતી અવકાશ શક્તિ અને સાંસ્કૃતિક વિશિષ્ટતાના અનોખા પ્રતીકને દર્શાવે છે.
ઇસરોના સેટેલાઇટ વ્યૂમાં 2.7 એકરનું રામ મંદિર સ્થળ જોઈ શકાય છે.

તા. ૨૨-૦૧-૨૦૨૪નું સુરત શહેરનું
### હવામાન

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| ૩૦.૦° સે. | ૧૫.૬° સે. | ૩૧% |



## મોદીએ રામમંદિર નિર્માણના શ્રમિકો પર પુષ્પવર્ષા કરી, જટાયુ પ્રતિમાનું અનાવરણ કર્યું

અયોધ્યા (યુપી): તા. 22 (પીટીઆઈ) : વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સોમવારે અયોધ્યામાં રામ મંદિર પરિસરમાં કુબેર ટીલાની મુલાકાત લીધી હતી અને ત્યાં ભગવાન શિવની પૂજા કરી હતી. તેમણે રામમંદિરના નિર્માણમાં સામેલ શ્રમિકો પર પોષ્પવર્ષા કરી હતી.

પીએમ મોદીએ શિવલિંગ પર જળ ચઢાવીને જલાભિષેક કર્યો હતો અને મંદિરની પરિક્રમા પણ કરી હતી.

રામ મંદિરનું નિર્માણ કરી રહેલા શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટ દ્વારા રામ જન્મભૂમિ સંકુલમાં કુબેર ટીલા પર સ્થિત પ્રાચીન શિવ મંદિરનો પણ જિર્ણોદ્ધાર કરવામાં આવી રહ્યો છે.

ત્યાર બાદ વડા પ્રધાને અયોધ્યા મંદિરના પરિસરમાં જટાયુની પ્રતિમાનું અનાવરણ કર્યું હતું, જે એક પૌરાણિક પક્ષી હતું, જેને દેવી સીતાને રાક્ષસ રાજાથી બચાવવાનો પ્રયાસ કરતી વખતે રાવણે મારી નાખ્યું હતું.


જટાયુની કર્તવ્યનિષ્ઠા પર પ્રકાશ ફેંકતાં મોદીએ કહ્યું કે, આવી ફરજની ભાવના જ સમર્થ અને દિવ્ય ભારતનો આધાર છે.

રામ મંદિરનું મુખ્ય પ્રવેશદ્વાર પૂર્વ દિશામાં આવેલું છે, જે સિંહ દ્વાર દ્વારા 32 સીડીઓ ચઢીને પહોંચી શકાય છે. મંદિરમાં કુલ પાંચ મંડપ (હોલ) છે - નૃત્ય મંડપ, રંગ મંડપ, સભા મંડપ, પ્રાર્થના મંડપ અને કીર્તન મંડપ.

મંદિરની નજીક એક ઐતિહાસિક કૂવો (સીતા કૂપ) છે. કુબેર ટીલા ખાતે મંદિર પરિસરના દક્ષિણ-પશ્ચિમ ભાગમાં, ભગવાન શિવના પ્રાચીન મંદિરનો જટાયુ પ્રતિમા સાથે જિર્ણોદ્ધાર કરવામાં આવ્યો છે.

પેજ3

## સૈફ અલી ખાનને ઘૂંટણ અને ખભામાં ઈજા: સર્જરી કરાઈ



મુંબઈ: તા. 22 : અભિનેતા સૈફ અલી ખાન મુંબઈની કોકિલાબેન હોસ્પિટલમાં દાખલ છે. અભિનેતાના ઘૂંટણ અને ટ્રાઇસેપની સર્જરી થઇ છે. ખૂબ જૂની ઈજાને કારણે આ સર્જરી કરાવવી પડી હતી. તેની લેટેસ્ટ ફિલ્મના એક એક્શન સીન્સને ફિલ્માવતી વખતે અભિનેતાને ખૂબ જ તકલીફોનો સામનો કરવો પડી રહ્યો હતો. હવે તેની હાલત સારી છે અને તેજીથી રિકવર કરી રહ્યો છે. ખુદ સૈફે હેલ્થ અપડેટ આપતાં કહ્યું હતું કે, તે ડોક્ટરોનો આભારી છે. આ સાથે અભિનેતાએ તમામ ફેન્સ અને શુભચિંતકોનો પણ આભાર માન્યો હતો.
આ પહેલાં ખબર આવી હતી કે, 'દેવારા'ની શૂટિંગ વખતે સૈફને ઘૂંટણ અને ખભા પર ઈજા થઈ હતી.
અભિનેતાની ટ્રાઇસેપ સર્જરી એક જૂની ઈજાના કારણે કરાવવી પડી. એક ફિલ્મમાં એક એક્શન સીક્વેન્સ ફિલ્માવતી વખતે તેને ઈજા હતી. એટલું જ નહીં, વિશાલ ભારદ્વાજની ફિલ્મ 'રંગૂન'ના શૂટિંગ વખતે પણ તેના અંગૂઠામાં ઈજા થઈ હતી.

## રામ મંદિર ઉદ્ઘાટન સમારંભમાં હાજર ન રહેનાર વિપક્ષી નેતાઓ વિવિધ ધાર્મિક કાર્યોમાં જોડાયા

**રાહુલ** ગાંધીને આસામમાં એક મંદિરમાં જતા અટકાવાયા

**મમતા** બેનર્જીએ સર્વધર્મ રેલીનું નેતૃત્વ કર્યું

**હિમાચલ** કોંગ્રેસના ધારાસભ્યો વિક્રમાદિત્ય સિંહ અને સુધીર શર્માએ રામ મંદિર સમારંભમાં હાજરી આપી

નવી દિલ્હી, તા. 22 (પીટીઆઈ): ઈન્ડિયા ગઠબંધનના નેતાઓ અયોધ્યામાં રામ મંદિરના ઉદ્ઘાટન સમારંભથી દૂર રહ્યા હતા પણ તેમનામાંથી મોટાભાગના નેતાઓના એજેન્ડામાં ધર્મ રહ્યો હતો જ્યારે આસામમાં એક મંદિરમાં પ્રવેશ ન કરવા દેવાતા રાહુલ ગાંધીએ વિરોધ પ્રદર્શન કર્યા હતા અને પશ્ચિમ બંગાળનાં મુખ્યમંત્રી મમતા બેનર્જીએ સર્વધર્મ રેલીનું આયોજન કર્યું હતું. અમુક નેતાઓએ રામ મંદિર સમારંભની પ્રત્યક્ષ ટીકા કરી હતી, મુખ્યમંત્રી પિનારાયી વિજયને જેઓ સીપીઆઈ (એમ)ના નેતા છે તેમણે રામ મંદિર ઉદ્ઘાટનમાં સરકારની ભૂમિકા હોવા પર પ્રહારો કરતા કહ્યું હતું કે ધર્મ અને સરકારને અલગ કરતી રેખા વધુ પાતળી થઈ રહી હોય એવું લાગે છે. ઈન્ડિયા ગઠબંધનના નેતાઓએ અગાઉ રામ મંદિરના ઉદ્ઘાટન સમારંભનું આમંત્રણ અલગ અલગ કારણોસર અસ્વીકાર કર્યું હતું. જો કે આ દિવસે ગઠબંધનના કેટલાંક નેતાઓના એજેન્ડામાં ધર્મ મુખ્ય બાબત રહી હતી જેમાં દિલ્હીના મુખ્યમંત્રી અરવિન્દ કેજરીવાલ અને આપના ધારાસભ્યોએ દિલ્હીમાં વિવિધ સ્થળો પર રામ મંદિરના ઉદ્ઘાટનની ઉજવણી કરતા કાર્યક્રમોમાં ભાગ લીધો હતો. રાહુલ ગાંધી જેઓ કોંગ્રેસની ભારત જોડો ન્યાય યાત્રાનું નેતૃત્વ કરી રહ્યા છે તેમને આસામના હૈબરગાંવમાં વૈષ્ણવ સંત શ્રીમંતા સંકરદેવાના જન્મ સ્થળની મુલાકાત લેવા જતા અટકાવવામાં આવ્યા હતા. રાહુલે તેનો વિરોધ કરતા કહ્યું હતું કાયદો વ્યવસ્થાની કટોકટીની સ્થિતિમાં બધા ત્યાં જઈ શકે છે માત્ર રાહુલ ગાંધી નહીં જઈ શકે.

પોતાના પક્ષના વલણથી અલગ હિમાચલ પ્રદેશના મંત્રી વિક્રમાદિત્ય સિંહે રામ મંદિરના ઉદ્ઘાટન સમારંભમાં હાજરી આપી હતી, રાજ્યના એક અન્ય ધારાસભ્ય સુધીર શર્મા પણ સમારંભમાં પહોંચ્યા હતા.

દરમિયાન તૃણમૂલ કોંગ્રેસના વડા મમતા બેનર્જીએ ધાર્મિક સદ્ભાવનાના પ્રતિક માટે સર્વધર્મ રેલીનું નેતૃત્વ કર્યું હતું જેમાં વિવિધ ધર્મોના ધાર્મિક સ્થળો પર જવાનું સામેલ હતું. રેલી શરૂ કરતા પહેલાં તેમણે કોલકતામાં પ્રખ્યાત કાલીઘાટ મંદિરમાં પૂજા કરી હતી.

## કેનેડાએ આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થી વિઝા પર બે વર્ષની મર્યાદાની જાહેરાત કરી

**આ** મર્યાદાથી આ વર્ષે નવા સ્ટડુન્ટ વિઝામાં એકંદરે 35 ટકાનો ઘટાડો થશે

ઓટ્ટાવા, તા.22: ઈમિગ્રેશન મંત્રી માર્ક મિલર આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓના પ્રવેશ પર બે વર્ષની મર્યાદાને શરૂ કરવા માટે તૈયાર છે. સોમવારે ઓટ્ટાવા ખાતે એક પ્રેસ કોન્ફરન્સને સંબોધતા મંત્રીએ જણાવ્યું હતું કે આ પગલું ફેડરલ અને પ્રાંતીય સત્તાવાળાઓ બંનેને ઉચ્ચ આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીનું શોષણ કરતી સિસ્ટમને સંબોધવાની તક પૂરી પાડશે, જે ઘણીવાર નબળા શિક્ષણમાં પરિણમે છે.

આ મર્યાદાથી આ વર્ષે નવા સ્ટડુન્ટ વિઝામાં એકંદરે 35 ટકાનો ઘટાડો કરશે, જેમાં ચોક્કસ પ્રાંતો, જેમ કે ઓન્ટારિયોમાં 50 ટકાથી વધુ ઘટાડા કરવામાં આવી રહ્યો છે.

મિલરે ભારપૂર્વક જણાવ્યું હતું કે સરકાર ખાનગી-જાહેર મોડલવાળી સંસ્થાઓના વિદ્યાર્થીઓને 1 સપ્ટેમ્બરથી અનુસ્નાતક વર્ક પરમિટ મેળવવા પર પ્રતિબંધ મૂકશે.

વધુમાં, આવનારા અઠવાડિયામાં, ઓપન વર્ક પરમિટ માત્ર માસ્ટર્સ અને ડોક્ટરલ પ્રોગ્રામ્સ સાથે સાથે મેડિસિન અને લો જેવા પ્રોફેશનલ પ્રોગ્રામ્સમાં નોંધાયેલા વિદ્યાર્થીઓના જીવનસાથીને જ આપવામાં આવશે.

આવાસની કટોકટીના કારણે કેનેડામાં ઈમિગ્રેશન પર ઘણું ધ્યાન આપવામાં આવી રહ્યું છે.

હાલમાં જ વિરોધી પક્ષ કન્ઝર્વેટીવના નેતા પેર્રે પોલીવ્રે કહ્યું હતું, 'આ બહુ જ સીધી વાત છે જો તમે વધુ પરિવારોને બોલાવો છો તો તમારે તેમના માટે ઘરોની વ્યવસ્થા કરવી પડશે જેના પગલે ઘરોની કિંમત ઊંચી જશે.'

## દક્ષિણ-પશ્ચિમ ચીનમાં ભેખડ ધસવાના બનાવમાં 7 લોકોનાં મૃત્યુ, 40 જેટલા ગુમ થયા

**ભૂસ્ખલન** હેઠળ ફસાયેલા લોકોને બચાવવાના પ્રયાસો ચાલુ છે

**500થી** વધુ લોકોને ભૂસ્ખલનગ્રસ્ત વિસ્તારોમાંથી સ્થળાંતર કરવામાં આવ્યા



બીજિંગ-કુનમિંગ, તા. 22 (પીટીઆઈ): સોમવારે દક્ષિણ-પશ્ચિમ ચીનના પર્વતીય યુનાન પ્રાંતમાં ભેખડ ધસવાના બનાવમાં ઓછામાં ઓછા 7 લોકોનાં મૃત્યુ થયાં હતાં અને અન્ય 40 લોકો ગુમ થયા હતા.

આ અકસ્માત સ્થાનિક સમય મુજબ સવારે 5.51 વાગ્યે ઝાઓટોંગ શહેરના લિયાંગશુઇ ગામમાં થયો હતો, એમ સરકારી સમાચાર સંસ્થાએ જણાવ્યું હતું. 7 લોકોનાં મૃત્યુની પુષ્ટી થઈ છે અને અન્ય 40 ગુમ છે, એમ અહેવાલમાં કહેવાયું હતું.

દબાઈ ગયેલા 47 લોકો 18 અલગ-અલગ ઘરના હતા, એમ બચાવ અધિકારીઓએ જણાવ્યું હતું.

500થી વધુ લોકોને ભૂસ્ખલનગ્રસ્ત વિસ્તારોમાંથી સ્થળાંતર કરવામાં આવ્યા હતા જ્યારે રાહત કાર્ય માટેના પ્રાંતીય આયોગે લેવલ-3 કટોકટી પ્રતિભાવ સક્રિય કર્યો હતો, એમ સરકારી ન્યૂઝ ચેનલે અહેવાલ આપ્યો હતો.

ભૂસ્ખલન હેઠળ ફસાયેલા લોકોને બચાવવાના પ્રયાસો ચાલુ છે, ગુમ થયેલા લોકોમાંથી બેના મૃતદેહ મળી આવ્યા હતા, એમ સત્તાવાર મીડિયાએ અહેવાલ આપ્યો હતો.

120 વાહનો અને ખોદકામના વિવિધ સાધનો સાથે 795 બચાવકર્તાઓ, અગ્નીશમન દળના 33 વાહનો અને 10 લોડિંગ મશીનો સાથે, ગુમ થયેલા લોકોને શોધવા માટેની કાર્યવાહી કરાઈ રહી છે.

ચીનના પ્રમુખ શી જિનપિંગે ભેખડ ધસવાના બનાવમાં ગુમ થયેલા લોકોને શોધવા અને બચાવવાના આદેશ આપ્યા છે.

'આપણે તાત્કાલિક બચાવ ટુકડીઓનું આયોજન કરવું જોઈએ, ગુમ થયેલ વ્યક્તિઓને શોધવા માટે શ્રેષ્ઠ પ્રયાસો કરવા જોઈએ અને શક્ય તેટલી જાનહાનિ ઘટાડવી જોઈએ', એમ જિનપીંગે કહ્યું.

જિનપીંગે પોતાના પક્ષના કાર્યકર્તાઓને ચીની નવવર્ષને માત્ર 3 અઠવાડિયા બાકી છે ત્યારે સમગ્ર દક્ષિણ ચીનમાં અત્યંત ઠંડી પડી રહી છે તેના કારણે શક્ય અન્ય પ્રાકૃતિક આપદાઓથી લોકોના જીવ અને મિલકતો બચાવવા માટે પ્રયાસ કરવા કહ્યું હતું.